અંકજ્યોતિષ અને લોશુગ્રિડ ફેંગશુઇ
પોકેટબુક

BY Numerologist : Yasshh shah

Chap.1 Numerology introduction

અંકશાસ્ત્ર માં બે અંક નું ખૂબ મહત્વ છે.

મૂલાંક (Physic Number)

તમારી જન્મ તારીખ નો સરવાળો એટલે મૂલાંક
દાત : 25/06/2000
તારીખ 25
મૂલાંક 2+5=7
10/8/1993
મૂલાંક 1+0=1

ભાગ્યાંક(Destiny Number)

પુરી તારીખ નો સરવાળો એટલે ભાગ્યઅંક
25/6/2000
ભાગ્યઅંક 2+5+6+2
=15
=1+5=6
10/8/1993
1+8+1+9+9+3
=31
=3+1
=4

(Physic number and Destiny number Ignores number 0. 0 absorbs and increase the power of numbers 1 to 9.)

Practice: (1)26/02/2015 Answer (1) physic number 8 destiny number 9

(2)20/12/1986 (2) Physic number 2 destiny number 2

9 ગ્રહો ના 9 અંક.

1 સૂર્ય

2 ચંદ્ર

3 ગુરુ

4 રાહુ

5 બુધ

6 શુક્ર

7 કેતુ

8 શનિ

9 મંગળ

આ અંક બદલી શકાતા નથી

1 અંક સૂર્ય છે જે રાજા છે, 2 અંક ચન્દ્ર રાણી , 3 અંક ગુરુ, શિક્ષક ,4 અંક અંગરક્ષક , 5 અંક રાજકુમાર 6 અંક કલાગુરુ,અર્થનીતિ વિશેષગ્ય ,7 અંક અણવેશક, પંડિત

8 અંક ન્યાયાધીશ, પ્રજાસેવક ,9 અંક સેનાપતિ છે.

નોંધ : 【(1) આ લેખશૃંખલામાં મેં જે પદ્ધતિ વર્ણવી છે તે કાલડીયન ન્યુમરોલોજી (Chaldean numerology) અને લોશું ગ્રીડ પદ્ધતિ (loshu grid method)છે.

આ સિવાય બીજી પણ ઘણી પદ્ધતિઓ છે જેમાં

* વેદિક પદ્ધતિ (indian vedic system)

* કબાલા પદ્ધતિ(kabalahh system)

* પાઈથાગોરસ પદ્ધતિ (Pythagoras system)

* આધુનિક અંકવિજ્ઞાન પદ્ધતિ (Morden numero science system.

* ચાઈનીઝ પદ્ધતિ(chinese numerology)

* અરેબિક પદ્ધતિ (Arebic system).

* કિરો પદ્ધતિ (chiro method) નો સમાવેશ થાય છે.

(2) પ્રાચીન ભારત ના વેદ ને અંકો નું મૂળ માનવા માં આવે છે.

(3) ગ્રીક ગણિતજ્ઞ પાઈથાગોરસ અંકશાસ્ત્ર ના પિતા મનાય છે.】

Chaldean numerology વિશે કેટલીક પાયારૂપ બાબતો.

(1) આ પદ્ધતિ માં અંક 9 ને એક પણ અંગ્રેજી મૂળાક્ષર આપ્યો નથી કારણ કે 9 અંક ની વિશેષતા છે કે 9 અંક નો સરવાળો અથવા બાદબાકી કરવામાં આવે તો જવાબ 9 અથવા 0 આવે છે.

દાત : 18-9=9

9+9=18

1+8=9

આમ સરવાળો કરતા પણ 9 ની અવગણના કરવા માં આવે તો સિંગલ ટોટલ માં કોઈ ફરક પડતો નથી.

દાત : વર્ષ 1993

1+9+9+3=22

2+2=4

અને જો 9 ની અવગણના કરવામાં આવે તો પણ

1+3=4

આ પદ્ધતિ 9 અંક ને પવિત્ર તેમ જ શુભ ગણે છે.

(2) અંક 1,2,3,5 સકારાત્મક અંકો ગણાય છે

અંક 4, 7,8 નકારાત્મક અંકો ગણાય છે

અંક 6 ને સમાંતર અંક(universal friend number) ગણાય છે.

અંક. 9 પવિત્ર અંક(holy number) છે.

(3) 1,4,3,5,7,8,9 : પુરુષ જાતિના અંકો છે.(mescaline numbers)

અંક 6 અને 2 નારી નારી જાતિ ના અંકો છે.

(Feminine number)

(4) મૂલાંક (physic number)

આ અંક પરથી વ્યક્તિનો દેખાવ ,તેનું સ્વાસ્થ્ય, તેનું વ્યક્તિત્વ, સ્વભાવ, વાણી, વર્તન, શોખ ,ટેવ , તેના મિત્રો અને તેના સમય વિશે જાણી શકાય છે.

ભાગ્ય અંક(Destiny number)

આ અંક પરથી વ્યક્તિનું ભાગ્ય, કુટુંબ , કામધંધો, વ્યવસાય ભણતર, આવક ,જીવનસાથી ,સંતાન ,સુખ દુઃખ, આધ્યાત્મિક પ્રગતિ વગેરે વિશે જાણી શકાય છે.

Chap.2 Name number

ગ્રહો ના રંગ

સૂર્ય : લાલ, બ્રાઉન, કેસરી

ચંદ્ર : સફેદ, ક્રીમ, પીચ ,હળવા રંગો

ગુરુ : પીળો, ભગવો લાલ

રાહુ : ગ્રે,કાબરચિતરો

બુધ : લીલો

શુક્ર : સફેદ, ગુલાબી

કેતુ : નારંગી, હળવો વાદળી, હળવો બ્રાઉન

શનિ : ઘેરો વાદળી, કાળો

મંગળ: લાલ

અંગ્રેજી મૂળાક્ષરો ના અંકો

1 :A ,I,J,Q,Y

2: B,K,R

3: C,G,L,S

4: D,M,T

5: E,H,N,X

6: U,V,W

7:O,Z

8: F,P

9 : -

નામાંક (ઉદાહરણ)

YASH SHAH

1+1+3+5+3+5+1+5

=24

2+4

=6(શુક્ર)

આમ કોઈ પણ વ્યક્તિની જન્મ તારીખ પરથી તેનો મૂલાંક, ભાગ્યઅંક અને નામ પરથી નામાંક શોધી શકાય છે.

અંકો ના મિત્ર અને શત્રુ અંક

અંક	મિત્ર	શત્રુ
1	1,2,3,4,5,7,9	6,8
2	1,2,3,4,7,8,9	5,6
3	1,2,3,5,6,8,9	4,7
4	1,2,5,7,9	3,4,6,8
5	1,3,4,5,6,7,8,9	2
6	3,5,8,9	1,2,6,4,7
7	1,2,4,5	3,6,7,8,9
8	2,3,5,6	1,4,7,8,9
9	1,2,3,4,5,6	7,8,9

મિત્ર અંક સાથે મિત્ર અંક નો તાલમેલ વધુ સારો હોય છે.
અને શત્રુ અંક સાથે નો તાલમેલ સંઘર્ષ વધુ કરાવડાવે છે.
નામાંક ,ભાગ્યઅંક અને મૂલાંક એક બીજા ના મિત્ર હોય તો વ્યક્તિ વધુ ભાગ્યવાન ગણાય છે.
જન્મ તારીખ બદલી શકાતી નથી, પણ જો નામાંક શત્રુ હોય તો તેના અંક માં ફેરફાર કરી શકાય છે.

****

Chap 3 how to prepare lucky report?

ગ્રહો ના અંક	વાર
1	રવિવાર
2	સોમવાર
3	ગુરુવાર
4	રવિવાર
5	બુધવાર
6	શુક્રવાર
7	સોમવાર
8	શનિવાર
9	મંગળવાર

ગ્રહ	અંક	મહિનો
સૂર્ય.	1	જાન્યુઆરી,ઓક્ટોબર
ચંદ્ર.	2	ફેબ્રુઆરી, નવેમ્બર
ગુરુ.	3	માર્ચ ,ડિસેમ્બર
રાહુ	4	એપ્રિલ
બુધ	5	મેં
શુક્ર.	6	જૂન
કેતુ.	7	જુલાઈ
શનિ.	8	ઓગસ્ટ
મંગળ	9	સપ્ટેમ્બર

અંક	તારીખ
1	1,10,19,28
2	2,11,20,29
3	3,12,21,30
4	4,13,22,31

5	5,14,23
6	6,15,24
7	7, 16,25
8	8, 17,26
9	9,18,27

આમ અગાઉ ના તમામ ભાગ અને ઉપર ની માહિતી ને એક ઉદાહરણ દ્વારા સમજીએ .
****

ઉદાહરણ તરીકે વ્યક્તિનું

નામ :યશ શાહ

જન્મ તારીખ : 26/08/1993

મૂલાંક :2+6=8(શનિ)

ભાગ્યઅંક 2+6+0+8+1+9+9+3

=38

=3+8

=11

=1+1

=2

અનુકૂળ રંગ (8 અને 2 પ્રમાણે) : સફેદ,ક્રીમ,હળવા રંગ, ઘેરો વાદળી,કાળો

નામાંક (yash shah) : 6 (શુક્ર)

મિત્ર અંક : 2 ,3 (8 અને 2 ના મિત્ર અંક પ્રમાણે)

શત્રુ અંક : 1,4,5,6,7,8,9

અનુકૂળ વાર : સોમવાર,ગુરુવાર(મિત્ર અંક પ્રમાણે)

અનુકૂળ મહિના : ફેબ્રુઆરી,માર્ચ, નવેમ્બર ,ડિસેમ્બર

અનુકૂળ તારીખો : 2,11,20,29,3,12,30

આમ તમે પણ અંકશાસ્ત્ર દ્વારા તમારી જન્મતારીખ સાથે અનુકૂળ દિવસો, તારીખો ,મહિના, વરસ તથા અનુકૂળ વ્યક્તિઓ વિશે માહિતી મેળવી શકો.

****

Chap. 4 introduction about Numbers and planets

અંક અને કારક

અંક 1 સૂર્ય

****

આત્મવિશ્વાસ, નેતૃત્વ, સરકારી નોકરી, ઉચ્ચ પદ, પ્રતિષ્ઠા,ધંધો, વ્યવસ્થા , પ્રબળ ઈચ્છાશક્તિ, ઉર્જા, સ્વનિર્ભરતા ,સ્વાવલંબન ,આરોગ્ય,પિતા, પૂર્વ દિશા.
કમર અને આંખ

અંક 2 ચંદ્ર

****

સહાય,મદદ, નોકરી, મીડિયા, સબંધો, લાગણી, પ્રેમવિવાહ, શાંતિ, ટીમવર્ક , ફ્રીલન્સ જોબ. મામા માતા, દક્ષિણ પશ્ચિમ દિશા, ડિપ્રેશન ,ટેનશન, રાત્રી નો સમય
હૃદય અને મન .

અંક 3 ગુરુ

****

જ્ઞાન,શિક્ષણ,પરિવાર,આવક ,આરોગ્ય, સામાજિક અને મિત્ર વર્તુળ,માન,સમ્માન આબરૂ,પ્રતિષ્ઠા, અધ્યાત્મ,ધર્મ,વાદવિવાદ,ખાવા પીવા નો શોખ, વિવાહ ,શિક્ષક સાથે ના સબંધો. ઉત્તરપૂર્વ દિશા, ગુરુ નો કારક, પેટ, લીવર,કિડની નો કારક

અંક 4 રાહુ

****

સંપત્તિ, વ્યવસ્થા,શિસ્ત ,આયોજન, રોજિંદારોકડા ની અવર જવર, સેલ્સ પ્રોફેશન,વ્યહવાર, ચોખ્ખાઈ ,કાયદા કાનૂન ની રક્ષા અને ભંગ, ક્રોધ, મહેનત ,સંઘર્ષ. ખાવાપીવાની આદત,વ્યસન, સટ્ટો ,કુટિલ બુધ્ધિ દક્ષિણ પૂર્વ દિશા.,તંત્ર વિદ્યા, જાદુગરી નો કારક

અંક 5 બુધ

****

કોમ્યુનિકેશન, હિસાબ કિતાબ, વ્યવસ્થા, ધંધો ,સ્વતંત્ર મિજાજ, રમૂજ ,શાણપણ ,સ્વાસ્થ્ય,સારું ભવિષ્ય, ચતુર બુદ્ધિ,ગણિત ,લોજીક ,આવક ના નિયમિત સ્ત્રોત, વૃક્ષો ,હરિયાળી, મિત્ર વર્તુળ , વિદેશ યાત્રા ,ટૂંકી

મુસાફરી.

અંક 6 શુક્ર
****
સ્વાદિષ્ટ રસોઈ કલા,સંગીત નૃત્ય ,અભિનય ,પ્રેમસંબંધ,જાતીય આવેગ, અવૈદ્ય સબંધ, હીરા,સોનુ, વૈભવશાળી જીવન,નીતિ શાસ્ત્ર, એક કરતાં વધુ વિવાહ, મોટો ઉદ્યોગ, વિજાતીય આકર્ષણ, સંભોગ
પૈસા,રૂપ સૌંદર્ય નો કારક. ઉત્તર પશ્ચિમ દિશા

અંક 7 કેતુ
****
આધ્યાત્મ, જ્ઞાન ,શોધખોળ,વિજ્ઞાન ,કલાત્મકતા,પુત્ર સંતાન, વિવેક ,શાંત સ્વભાવ, ઉચ્ચ સ્તર ના વ્યક્તિ ,ઉચ્ચ પદ ની ઈચ્છા ,આયુર્વેદ, જ્યોતિષ, જીવન ને અસરકારક વિદ્યાઓ ,પશ્ચિમ દિશા,ઉચ્ચ અભ્યાસ ,યોગ ,ધર્મ ,મંત્ર વિદ્યા
વગેરે નો કારક.

અંક 8 શનિ
****
મહેનત, સંઘર્ષ,ન્યાય, પ્રજા, ભૌતિક સમૃદ્ધિ, દરિદ્રતા, પશ્ચિમ દિશા, કાયદા,કાનૂન બનાવનાર ,ન્યાયાધીશ, ભય આપનાર, ઈમાનદાર ,નીતિ ધારક ,પ્રામાણિક ,જ્ઞાની ,સમજદારી,અનુભવ આધારિત ડહાપણ ,કર્મ નો બદલો આપનાર. ન્યાય માટે નિયમ નો કારક. પ્રતિષ્ઠા, નામ વગેરે લાભ સંઘર્ષ પછી આપનાર.

અંક 9 મંગળ
****
બળ,ક્રોધ,ઘમંડ, શક્તિ, વહાનસુખ ,માનવતા,દયા, રક્ષક ,સેનાપતિ, સૈનિક ,પ્રેમ વિવાહ, જ્યોતિષ અંકશાસ્ત્ર વગેરે નો કારક , દક્ષિણ દિશા અને મૃત્યુ નો કારક.
ખેલ ,ઉત્સવ ,દેશપ્રેમ સમર્પણ ,નામ ,પ્રતિષ્ઠા, વગેરે નો કારક.

****

Chap.5 Elements and numbers

અંક	તત્વ
1	અગ્નિ, જળ , આકાશ
2	પૃથ્વી, જળ
3	અગ્નિ, કાષ્ઠ
4	વાયુ , કાષ્ઠ
5	પૃથ્વી
6	ધાતુ ,વીર્ય
7	ધાતુ ,અગ્નિ
8	વાયુ,પૃથ્વી,આકાશ
9	અગ્નિ,પૃથ્વી

આકાશ તત્વ બધાય માં વિદ્યમાન છે.

અગ્નિ તત્વ
****
ક્રોધ, ઉત્સાહ, પવિત્રતા, આવેગ ,ઉર્જા અને વેગ અગ્નિ નો સ્વભાવ છે.. વૃદ્ધિકારક ,અન્ન આપનાર, દાતા અને વિનાશક ,આતંક સર્જન કરનાર તેમ જ ધર્મ ના મૂળ નું પ્રતીક

વાયુ તત્વ
****
તરંગી ,સ્વપ્નલોક માં જીવનાર, પ્રખર કલ્પનાશક્તિ, અવનવા વિચાર કરનાર, અયોજન કરનાર, ચંચળ, જીવન પ્રત્યે ઉત્સાહ ,ઉમંગ ધરાવનાર, પ્રાણતત્વનું પ્રતીક
પ્રેમ, તથા શાંતિ નો વાહક.

જળ તત્વ
****
લાગણી, ભાવનાત્મક આવેગ, જોડાણ, મદદ કરવા ની ઈચ્છા, રુદન , ભરતી ઓટ ,માનસિક આવેગ. જીવન ,શાંતિ, પ્રેમ ,પોષણ, સેક્સ , મન , ફિલસુફી
હૃદય , શોક, કુદરત ,શરીર નું વહન કરે છે.

ધરતી તત્વ

****

સ્થિરતા, ઉદારતા,સહનશીલતા,પોષણ કરવા નો સ્વભાવ, જીવ પ્રત્યે દયા, માનવતા, પ્રેમ ,ગણતર, ઘડતર ,મૂળ સાથે જોડાયેલી ભાવના ,પ્રામાણિક . ક્રોધ કરનાર અને શત્રુ વિનાશક

આકાશ તત્વ

****

વાણી, અંતર, સમય , વિશાળતા, ભેદમુક્ત સ્વભાવ, ન્યાય કર્તા, આશ્રય આપનાર, દાતા ,પિતા, અવાજ નો કારક ,દુઃખ મુક્ત કરનાર, ઉચ્ચ વિચાર ,સર્વ માટે હિતકારી.

ચાઈનીઝ અંકશાસ્ત્રમાં કાષ્ઠ તત્વ નો ઉલ્લેખ છે.

કાષ્ઠ તત્વ

****

સંપત્તિ, આરોગ્ય, ધન , સમૃદ્ધિ, વિચાર, વિવેક ,પરિવાર સુખ કાષ્ઠ તત્વ ને આભારી છે. સ્વચ્છતા, ભણતર ,કોઠાસૂઝ વ્યવસ્થા અને પિતૃકૃપા કાષ્ઠ તત્વ આપે છે.

વીર્ય તત્વ

****

સંતાન નો કારક ,સંસાર સુખ આપનાર , દરેક તત્વ નો સમન્વય ધરાવે છે.

ધાતુ તત્વ

****

સમૃદ્ધિ, ધરતી ના ઊંડાણ સાથે સબંધ ધરાવે છે. તીક્ષ્ણ બુદ્ધિ, વીરતા અને બળ આપે છે.

****

Chap.6 Some Important Yoga.

કેટલાક મહત્વ ના યોગો.

જો તમારી જન્મતારીખ માં નીચે મુજબ ના અંક યોગ હોય તો...

4,9,2 : તીવ્ર યાદશક્તિ , ઉચ્ચ શિક્ષણ પ્રાપ્તિયોગ.

4,3,8 : આયોજન ,રાજકારણ અને વ્યવસ્થાપન માં પ્રગતિ નો યોગ, સરકારી નોકરીનો યોગ.

3,5,7 : ઉદાર, આધ્યાત્મિક, લાગણીપ્રધાન વ્યક્તિ, અધ્યાત્મ વિદ્યા અને ગૂઢ વિદ્યા નો યોગ.

9,5,1 : તીવ્ર ઈચ્છાશક્તિ,મહેનત ,સંઘર્ષ,કોઈપણ સંજોગોમાં થી ઉપર ઉઠીને વિજયી અને સફળ બનવાનો યોગ.

8,1,6 : વ્યહવારકુશળ, ઊંડાણ માં અભ્યાસ કરનાર,શાણપણ આપનાર, ઉદાર, અને ધરતી સાથે જોડાયેલ,વિવેક ,ઋજુતા આપનાર યોગ.. સંઘર્ષ પછી સફળતા અને ઉચ્ચ લક્ષ્યો સાથે પ્રભાવશાળી વ્યક્તિત્વ આપે છે.

2,7,6 : ઉર્જાવાન, વિચારો ને કાર્ય નું રૂપ આપનાર ,વિચાર્યાવગર કાર્ય કરનાર,ખેલાડી નો સ્વભાવ આપે છે.

2,5,8 : પોતાની મિલકત, ઘર ,પૃથ્વીતત્વ થી લાભ અને સારું આરોગ્ય આપે છે.

4,5,6 : સુખ ,સુવિધા ,સારું કુટુંબ આપે છે, ખૂબ ઐશ્વર્ય આપે છે.

3,5,8 : કુશળ શિક્ષક બનાવે છે, એક કરતાં વધુ આવડત આપે છે. સમાજમાં માન, આદર અને પ્રસિધ્ધિ અપાવે છે.

4,7,8 : કુશળ તંત્ર ,મંત્ર જ્ઞાની બનાવે છે. આધ્યાત્મિક સિદ્ધિ અપાવે છે..

8,1,2 : નોકરી થી આવક , બીજા વ્યક્તિઓ સાથે સારા મૈત્રીપૂર્ણ સબંધો અપાવે છે. પોતાનો વ્યવસાય પણ કરી શકાય.

1,3,8 : નોકરી માં ઉંચી પોસ્ટ અપાવે છે. મેનેજમેન્ટ માટે વધુ લાભકારક યોગ

3,9,8 : ન્યાયાલય સાથે સંબંધ, વાદવિવાદ, સત્ય અસત્ય, કાનૂન ,પ્રપંચ, કાવાદાવા માં વિજય અપાવે.

4,8 : સંઘર્ષમય જીવન આપે છે, સેલ્સ પ્રોફેશન માં સફળતા

3,9 : વાદવિવાદ માં સપડાવે છે,સત્તા પરિવર્તન કરાવે છે , અધર્મ ,અન્યાય સામે યુદ્ધ કરાવે છે.

3,2,8 : બુદ્ધિ જીવી ,અસામાન્ય જીવન , આયોજન કરવાની ક્ષમતા આપે છે.

3,7 : જ્યોતિષવિદ્યા,ગૂઢવિદ્યા આપે છે.

4,5,7 : પુત્ર સંતાન યોગ

3,5 : પરિવાર નો સહયોગ, સ્વાસ્થ્ય અને સારું ભવિષ્ય આપે છે.

2,6 : વિજાતીય આકર્ષણ , ખાવાપીવાનો શોખ ,સબંધો અને મિત્રો પાસેથી સહયોગ અપાવે છે.

****

Chap.7 Remedies of number 1 to 9

અંકો ની દ્રષ્ટિએ ગ્રહો ના ઉપાયો.

અંક 1 સૂર્ય
****
*પાણી વધુ પીવું.
*સૂર્યનમસ્કાર કરવા.
*ગરીબોને દાન આપવું.
*ગરીબો ને ભોજન કરાવવું.
*પુસ્તકો વસાવવા અને વાંચવા
*કસરત કરવી અને વૃક્ષો ઉછેરવા
*પૂર્વ દિશામાં બેસી અભ્યાસ કરવો
*પૂર્વ દિશા માં મસ્તક રાખી સુઈ જવું.
* ઉત્તર દિશામાં પાણી નું વાસણ રાખવું.તેમાં ફૂલો અથવા ચલણી સિક્કા રાખવા.
* જ્ઞાન નું દાન કરવું. જરૂરિયાતવાળા વ્યક્તિને સહાય કરવી.
* કુટુંબ,દેશ અને પર્યાવરણની સહાય કરવી.

અંક 2 ચન્દ્ર
****
* માતા ની સેવા કરવી
* સગાંવહાલાં ની યથાશક્તિ મદદ કરવી.
* નાની બાળકીઓ ને ભોજન કરાવવું.
* ચાંદી ની કંઠી અથવા બ્રેસલેટ ધારણ કરવું.
* રાત્રે નદીકિનારે ફરવા જવું.
* રોજ દૂધનું સેવન કરવું.
* માનસિક રીતે વિશેષ જરૂરિયાતવાળા સ્પેશિયલ બાળકોને મદદ કરવી.
* ધ્યાન કરવું અને પ્રાર્થના કરવી.
* મન ને શાંતિ મળે એવું વાંચન કરવું અથવા સંગીત સાંભળવું
* ચન્દ્ર નમસ્કાર કરવા.
* બાલાસન કરવું.

અંક 3 ગુરુ
****
* દૂધ અને હરદળ નું સેવન કરવું.
* શિક્ષકોને આદર આપવો ,સમય મળે ત્યારે તેમને મળવું.
* શિક્ષકો ને સુકામેવા, શાલ અને પુષ્પગુચ્છ આપીને તેમનું સમ્માન કરવું.
* માતા પિતા તેમ જ વડીલો ની સેવા કરવી.
* કેસરવાળા દૂધ નું સેવન કરવું.
* પીળું વસ્ત્ર ધારણ કરવું.
* ગરીબ બાળકો ને મીઠાફળ તથા મીઠાઈ નું દાન કરવું.
* સોનું ધારણ કરવું.
* પીળા રંગ નો દોરો ગળામાં અથવા જમણા હાથ પર ધારણ કરવો.
* નિત્ય જ્ઞાન મેળવતા રહેવું, જ્ઞાની તેમ જ અનુભવી વ્યક્તિઓ નો સંગ કરવો.

અંક 4 રાહુ
****
* નારિયેળ દાન કરવું.
* ઘરમાં સ્વચ્છતા રાખવી.
* રોજિંદા જીવનમાં ઉપયોગી વસ્તુઓ નું જરૂરિયાતવાળા ને દાન કરવું.
* લાકડા ના ફર્નિચરનો ઉપયોગ કરવો. તેના પર બેસી ને ધન સંબધે કાર્ય કરવું.
* નારિયેળ થી બનેલ વાનગીઓનું સેવન કરવું.
* માતાની મહત્વકાંક્ષા પુરી કરવી.
* સ્વાર્થ માં પણ પરમાર્થ કરવાથી રાહુ નડતો અટકે છે.
* વાસ નો છોડ ઉછેરવો.
* સટ્ટા,જુગાર થી મળેલી આવક માંથી દાન કરવામાં આવે તો રાહુ ની પીડા ઘટે છે.
* સંતોષી સ્વભાવ નું સેવન અને લાલચ થી દુર રહેવું.
* લાકડાનો ટુકડો સાથે રાખવો.
* ગ્રે રંગ ના વસ્ત્રો પહેરવા.
* અધૂરા કાર્યો પુરા કરવા.

અંક 5 બુધ
****

* બગીચા માં ચાલવા જવું.
* વૃક્ષો ઉછેરવા
* બાળકો અને યુવાનો સાથે સમય વ્યતીત કરવો.
* માતા પિતા ને પ્રસન્ન રાખવા.
* રોજ પુસ્તકો વાંચવા.
* સુવાક્યો તેમ જ સદવિચારોનું સેવન કરવું
*સ્ફટિકનું બ્રેસલેટ પહેરવું.
* ગાય ની સેવા કરવી.
* નવી નવી જગ્યાઓ એ ફરવા જવું.
* શિક્ષકો સાથે સમય પસાર કરવો.
* નવી આવડત મેળવવા પ્રયત્ન કરવો.
* નવી ભાષા શીખવી. સંવાદકલા શીખવી.
* વિચાર અને કાર્ય નો સમન્વય સાધવો અને વર્તમાન સુધારવું.
*લીલા શાકભાજી તેમ જ ફળો નું સેવન કરવું
* લીલા રંગ નો દોરો ધારણ કરવો.

અંક 6 શુક્ર
****
*સફેદ વસ્ત્રો ધારણ કરવા
*નીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવો.
*વિજાતીય વ્યક્તિને પ્રેમ અને સમ્માન આપવા.
*સોનુ અને ચાંદી ધારણ કરવું.
* સોનેરી રંગ ની ધાતુ વાળી ઘડિયાળ ધારણ કરવી.
* રસોઈ બનાવતા શીખવું અને વૃક્ષો નું પોષણ કરવું.
* નવી ફેશન પ્રમાણે ના વસ્ત્રો ધારણ કરવા.
*કુદરતી તત્વો નું જતન કરવું અને તેમને પ્રેમ આપવો.
* ગુરુ અને વડીલો નું સમ્માન કરવું.
* પોતે પૂરતું પ્રાપ્ત કરી અતિરિક્ત દાન કરવું.
* ચમકીલા અને રંગબેરંગી વસ્ત્રો ધારણ કરવા.
* એક શ્રીમંત જેવી વિચારધારા નું અનુસરણ કરવું.
* ઉત્તમ નું સેવન કરવું, ઉત્તમ નું દાન કરવું.

* ફિલ્મો, નાટકો જોવા
* શૃંગાર વર્ણન કરવું.
* વીર્ય ના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.
* સંભોગ દરમ્યાન સાથી ની ઈચ્છાઓ નો આદર કરી તેને પ્રેમ કરવો.

અંક 7 કેતુ
****
* કેળાનું દાન કરવું
* પાણીની પરબ બંધાવવી
* રિસર્ચ વર્ક અને ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો.
* આધ્યાત્મિકતા કેળવવી.
* ગૂઢ વિષયો નું જ્ઞાન પ્રાપ્ત કરવું.
* નારંગી રંગ નો દોરો ધારણ કરવો.
* ચાંદી નું બ્રેસલેટ ધારણ કરવું
* પુસ્તકો નું દાન કરવું
* યથાશક્તિ સમાજ સેવા કરવી.
* નિરાધારને આધાર આપવો.
* અસાધ્ય રોગ થી પીડાતા વ્યક્તિઓ ની સેવા કરવી.

અંક 8 શનિ
****
* નમકીન દાન કરવું.
* વૃધ્ધો અને પોતાના સેવકો ની મદદ કરવી.
* અન્યાય નો પ્રતિકાર કરવો
* સરકાર તેમ જ ન્યાયતંત્ર ની મદદ કરવી.
* ભિક્ષુકો ની સહાય કરવી
* કાળા દોરામાં લોખંડના ટુકડાથી તાવીજ બનાવી ધારણ કરવું.
* પોતાના જ્ઞાન અને અનુભવથી બીજાની સહાય કરવી.
* નીલા તેમ જ કાળા રંગો ધારણ કરવા. તે રંગ ના દોરા પણ ધારણ કરી શકાય.
* સરસવ ના તેલ નું દાન કરવું.
* નાણાંકીય વ્યહવારો માં પારદર્શિતા રાખવી.

* દિવ્યાંગ વ્યક્તિઓ ની સેવા કરવી.

અંક 9 મંગળ

****

*લાલ રંગ ધારણ કરવો

* રક્તદાન કરવું.

* દેશના સૈન્ય અને સંરક્ષણ પ્રણાલી ની સહાય કરવી.

* ભૂમિ પર શયન કરવું.

*અનાથ કન્યાવિવાહ ના કાર્ય માં મદદ કરવી

*કોઈ પણ રીતે સમાજ ને મદદરૂપ થવું.

* લાલ ફળો તેમ જ કંદમૂળ નું સેવન કરવું.

* ક્રોધ ની ઉર્જા ને યોગ્ય દિશા માં વાળવી.

* વિકલાંગ અને જરૂરિયાતવાળા વ્યક્તિઓ ને વહાન નું દાન કરવું.

***આ ઉપાય તદ્દન નિર્દોષ છે. છતાંય અંકજ્યોતિષની સલાહ લઈને ઉપાય કરવા.**

****

Chap.8 Gemstone, Grain and metals.

અંક	ગ્રહ	રત્ન
1	સૂર્ય.	માણેક
2	ચંદ્ર.	મોતી
3	ગુરુ.	પોખરાજ
4	રાહુ.	લસુનિયા
5	બુધ	પન્ના
6	શુક્ર.	હીરો
7	કેતુ.	કેટ આઈ સ્ટોન
8	શનિ.	નીલમ
9	મંગળ.	મૂંગા

નોંધ : નંગ અસલી હોવા જોઈએ, યોગ્ય વજન ના હોવા જોઈએ અને યોગ્ય દીવસે અને સમયે ધારણ કરવા જોઈએ.
ધારણ કરતા પહેલા તેનો પ્રયોગ કરવો જોઈએ.
રત્નોના નંગ પહેરતા પહેલાં અંકજ્યોતિષની સલાહ લો.

ગ્રહ	અનાજ (ધાન્ય)
સૂર્ય	ઘઉં
ચન્દ્ર.	પૌઆ
ગુરુ.	ચણાની દાળ
રાહુ.	કાળા તલ
બુધ.	મગ
શુક્ર.	ચોખા ,ખાંડ
કેતુ	કાળા તલ
શનિ.	કાળા અડદ
મંગળ	મસૂર ની દાળ

નોંધ: જે તે ગ્રહ ના વાર ના દિવસે તેના અનાજ નું યથાશક્તિ દાન કરી શકાય.

ગ્રહ.	ધાતુ
સૂર્ય.	તાંબું,સોનુ
ચંદ્ર.	ચાંદી
ગુરુ.	સોનું
રાહુ.	લાકડું, પાંચ ધાતુ
બુધ.	પારો
શુક્ર.	સોનુ, ચાંદી
કેતુ.	ચાંદી
શનિ.	લોખંડ
મંગળ	તાંબું

નોંધ : હાથ પર જે તે ગ્રહ ની ધાતુ નું કડું ,બ્રેસલેટ અથવા વીંટી ધારણ કરી શકાય.

****

Chap.9 Common Remedies

કેટલાક સામાન્ય અને લોકપ્રિય પ્રશ્નો ના સરળ ઉપાય.

(1)અભ્યાસ માં સફળતા માટે પૂર્વ દિશામાં મસ્તક રહે તે રીતે ભણવા બેસવું. પૂર્વ દિશા માં મસ્તક રાખી સુઈ જવું.
નિત્ય પુસ્તક વાંચવાની અને નવું નવું શોધવા ની ટેવ પાડવી.

(2) ગવર્મેન્ટ જોબ માં સફળતા માટે મહેનત કરવા ની સાથે સાથે સૂર્ય નમસ્કાર કરવા ,કાગડા ને સાકરવાળી રોટલી ખવડાવવી . તેમ જ પ્રયત્ન કરવાથી ગભરાવું નહિ.શનિવાર તેમ જ રવિવાર ના દિવસે વિશેષ અભ્યાસ કરવો અને જો 8 અને 1 અંક જન્મતારીખ માં ખૂટતા હોય તો તે અંક ના ઉપાય કરવા.

(3) નોકરી મેળવવા માં સમસ્યાઓ આવતી હોય તો પક્ષીઓ ને દાણા ખવરાવવા. હરદળ વાળું દૂધ પીવું અને નિત્ય પ્રયત્ન ચાલુ રાખવો. ઓછા પગારથી અને વધુ સેવા આપવામાં નાનમ ટાળવી.

(4) લગ્નમાં સમસ્યાઓ આવતી હોય તો જમણા હાથ માં સ્ફટિક નું બ્રેસલેટ પહેરવું. નહાવાના પાણી માં એક ચમચી હરદળ નાખી ગુરુવારના દિવસ થી રોજ સ્નાન કરવું. એક વધુ ઉપાય કરી શકાય:
ગુરુવારે 500 ગ્રામ ચણા ની દાળ દાન કરવી અને ગાય તેમ જ ગરીબ બાળકો ને પીળા પેંડા ખવડાવવા.

(5) રોમાંસ અને પ્રેમવિવાહમાં અડચણો આવતી હોય તો ઘરની દક્ષિણપશ્ચિમ દિશામાં પર્વતમાળાનું ચિત્ર રાખવું જે પાણી વગર નું હોવું જોઈએ. એ જ દિશા માં 51 મોરપીંછની ફૂલદાની રાખવાથી રોમાન્સ વધે છે. બેડરૂમમાં રાધાકૃષ્ણનો ફોટો રાખવો નહિ. અને જો રાખવો જ હોય તો ઓમકાર સાથે રાખવો.

(6) ઘરમાં સુખ શાંતિ માટે
*લાફિંગ બુદ્ધ ની મૂર્તિ રાખવી.
*રૂમ માં મીઠા ના ગાંગડા રાખવા
*દક્ષિણ અથવા પૂર્વ માં માથું રાખી ને સુઈ જવું.
* મીઠા ના પાણીથી પોતા કરવા.
* ઘરમાં પુસ્તકાલય અવશ્ય રાખવું.

* બાથરૂમ હમેશા સાફ રાખવું.
* ઘરમાં પક્ષીઓ માટે દાણા પાણી ના કુંડા અવશ્ય રાખવા.
* પૂર્વ દિશા માં કાંટા વગર ના છોડ અવશ્ય રાખવા.
* ઘરના મુખ્ય દરવાજા ની સામે અથવા એની પાસે એક સુંદર નરનારી નું ચિત્ર અવશ્ય રાખવું. એ પ્રેમ કરનાર હોય તો વધુ ઉત્તમ.
* વધારાના કપડાં, વાસણ અને ઉપયોગી ન હોય એવી ચીજવસ્તુઓ જરૂરિયાતવાળા માણસો ને દાન કરવી.
* પાણી નો વ્યય અટકાવવો.
* ઘરમાં દરેક ઓરડા માં સૂર્ય પ્રકાશ અને હવા ની મોકળાશ હોવાથી ઘણા પ્રકારના લાભ થાય છે.
* ઘર વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ન હોય તો પણ તોડફોડ કરવી નહિ.
* ઘર હોવું એ જ મોટી વાત છે. વહેમ કે અંધશ્રદ્ધાથી દુર રહેવું.
* પરિવાર અને આસપાસ ના લોકો ને મળતા મેળવતા રહેવું.

(7) વાણી અને સંવાદ માં પ્રભાવ લાવવા માટે ,આત્મવિશ્વાસ અને નિર્ભયતા લાવવા માટે
ડાબા હાથ માં સિલ્વર અથવા સિલ્વર ગોલ્ડન ચેઈનવાળી ઘડિયાળ પહેરવી, સોના ની ચેઈન પહેરવી. અને ઊંડા શ્વાસ લેવાનો નિયમિત અભ્યાસ કરવો. કાચ સામે પ્રવચન આપવા નો અભ્યાસ કરી શકાય.

(8) ઘરમાં ધન સમૃદ્ધિ વધે તે માટે :
* જરૂરિયાતવાળાઓને મદદ કરતા રહેવું.
* નીતિ અને પ્રામાણિકતાના મૂલ્યો સેવવા.
* કૂતરા, ગાય તેમ જ પક્ષીઓ ને નિયમિત ભોજન કરાવવું.
* લકી બામ્બુ તેમ જ મની પ્લાન્ટ ઘરમાં રાખવા.
* માતા પિતા તેમ જ વડીલોને મદદરૂપ થવું,તેમની સેવા કરવી.
* સંત ,ફકીર કે ધાર્મિક સંસ્થાન ના સમાજસેવાલક્ષી કાર્યોમાં યોગદાન આપવું.
* બચત નું રોકાણ કરવું અને તેના વ્યાજ માંથી ખર્ચ કરવો.
* મહેનત અને સંઘર્ષ સાથે ધન ની બાબત માં અખૂટ ધીરજ રાખવી. ગ્રાહકો ની મદદ કરવી તેમની સમસ્યાઓ નું સમાધાન કરવું. તેમને સંતોષ આપવો.
* નોકરી માં સંસ્થાની પ્રગતિ માટે નિષ્ઠાપૂર્વક મહેનત કરવી.

****

Chap.10 Special numbers- **part 1**

(1)મની નંબર (Money number)

****

*તમે જે તારીખે જન્મ્યા હોવ એ તારીખના વાર નો નમ્બર તમારો મની નંબર છે.

નામ :યશ શાહ

દાત: જન્મતારીખ : 26/08/1993

વાર : ગુરુવાર

અંક : 3

* તમારા પિતા ના નામ નો અંક અને તમારા નામ નો સંયુક્ત અંક તમારો મની નંબર છે.

દાત : YASH DHARMESH SHAH

1+1+3+5+4+5+1+2+4+5+3+5+3+5+1+5

(નીચે નામ ના અંકો નું કોષ્ટક આપેલ છે.)

= 53

=5+3

= 8

વાર : શનિવાર

આમ અંક 3 અને 8 યશ શાહ નો મની નંબર છે. આ દિવસે જો આ વ્યક્તિ નાણાંકીય વ્યહવાર કરે તો સફળતા પામે.

(2) આત્મિક ઉત્કંઠા અંક (Soul urge number)

સ્વર(vovels) :A,E,I,O,U,W (ઉચ્ચાર માં W નો અલગ ઉચ્ચાર થાય તો તે સ્વર છે. દાખલા તરીકે woman શબ્દ માં W નો અલગ ઉચ્ચાર થાય છે. માટે તે સ્વર છે.

દાત : યશ શાહ નો આત્મિક ઉત્કંઠા અંક

YASH SHAH

Y = 1

A = 1

A = 1

આમ અંક 1+1+1=3 અંક એ યશ શાહ નો આત્મિક ઉત્કંઠા અંક છે.

(3) વ્યક્તિત્વ અંક (Personality Number)

વ્યંજન (consument) અંક ના નંબર નો સરવાળો વ્યક્તિત્વ અંક છે.

દાત: YASH SHAH

S=3

H=5 +

S=3 +

H=5 +

H=5 +

*****

21 =

2+1= 3

Number.	**Alphabets**
1.	A,I,J,Q,Y
2.	B,K,R
3.	C,G,L,S
4.	D,M,T
5.	EHNX
6.	U,V,W
7.	O,Z
8.	F,P
9.	*****

****

Special Numbers-**part 2**

વ્યક્તિગત વર્ષ અંક (Personal year number)
(અંતરદશા અંક)
દાત : નામ -યશ શાહ
જન્મતારીખ : 26/08/1993
મૂલાંક 8 અને ભાગ્યાંન્ક 2 (જુઓ ભાગ 1)
Personal year number for year 2021
26/08/2021
= 2+6+0+8+2+0+2+1
= 21
=2+1
=3
હવે વ્યક્તિગત વર્ષ અંક 3 મૂલાંક 8 અને ભાગ્યાંક 2 સાથે મિત્રતા નો સંબંધ ધરાવે છે. એટલે આ વર્ષ 2021 યશ શાહ માટે અનુકૂળ છે. (**મિત્ર શત્રુ કોષ્ટક જુઓ)**

વ્યક્તિગત માસ અંક (Personal month number)
દાત : યશ શાહ માટે વર્ષ 2021 નો જાન્યુઆરી મહિનો કેવો રહેશે તે જાણવા માટે
વ્યક્તિગત વર્ષ અંક + માસ નો અંક
3 +1 (જાન્યુઆરી) (જુઓ ભાગ 3).
=4
4 અંક ભાગ્યાંન્ક 2 સાથે મિત્રતા ધરાવે છે પણ મૂલાંક 8 સાથે શત્રુતા ધરાવે છે માટે જાન્યુઆરી 2021નું માસ યશ શાહ ને આરોગ્ય સંબંધિત સંભાળ રાખવા નું સૂચવી જાય છે.

વ્યક્તિગત દિવસ અંક (personal day number)
દાત : યશ શાહ જાન્યુઆરી 2021 ની 14 તારીખ કેવી રહેશે તે જાણવા માંગે તો વ્યક્તિગત દિવસ અંક શોધવો.
તેના માટે
વ્યક્તિગત વર્ષ અંક +વ્યક્તિગત માસ અંક + દિવસ ની તારીખ નો અંક
3 +4+14= 21
=2+1
=3

3 અંક મૂલાંક 8 અને ભાગ્ય અંક 2 સાથે મિત્રતા ધરાવે છે માટે આ દિવસ યશ શાહ માટે શુભ છે.

<u>મહાદશા</u> અંક(Maha dasha number)

અંકજ્યોતિષશાસ્ત્ર મુજબ 45 વરસ ની મહાદશા હોય છે અને 9 અંક હોય છે. વ્યક્તિના જન્મવર્ષમાં વ્યક્તિના ભાગ્ય અંક ને જોડવાથી અનુક્રમે મહાદશા અંક પ્રાપ્ત થાય છે.

દાત : નામ - યશ શાહ

જન્મતારીખ : 26/08/1993

મૂલાંક 8 , ભાગ્ય અંક 2

જન્મ વર્ષ થી મહાદશા ની ગણતરી

1993+2=1995

1995+3=1998

1998+4=2002

2002+5=2007

2007+6=2013

2013+7=2019

2019+8=2027

2027+9=2036

2036+1=2037

2037+2=2039

આમ ઉપર જોતા જાતક યશ શાહ પર વરસ 2019 થી 2027 સુધી શનિ (8) ગ્રહ ની મહાદશા ચાલે છે. શનિ પોતાના જ મૂલાંક 8 ના શત્રુ હોઈ આ સમયગાળા દરમિયાન આરોગ્ય ની કાળજી રાખવા નું સૂચવી જાય છે. ભાગ્ય અંક 2 સાથે મિત્રતા હોવાથી આ સમય ભાગ્ય ની દ્રષ્ટીએ ખૂબ સારો કહી શકાય.

જે તે વરસ નો વ્યક્તિગત વર્ષ અંક જો 8 અંક સાથે મિત્રતા ધરાવતો હશે તો એ વરસ શુભ ફળ આપશે અને પ્રગતિકારક રહેશે. દાત : વરસ 2021 નો વ્યક્તિગત વર્ષ અંક 3 અને મહાદશા અંક 8 મિત્ર હોવાથી વરસ 2021 યશ શાહ માટે પ્રગતિ કારક રહેશે.

તો આ રીતે કોઈ પણ વ્યક્તિ નો સમય સારો છે કે ખરાબ તે જાણી શકાય છે.

****

Chap.12 **Mobile Number Numerology**

તમારા મોબાઈલ નંબર વિશે કેટલીક વાતો:

*આ નંબર તમારી સૌથી નજીક અને આજકાલ સૌથી મહત્વનો નંબર છે. એટલે એ અસરકારક અને જીવન ને પ્રભાવિત કરનાર સાબિત થયો છે.

*મોબાઈલ નંબર અને તેનો સરવાળો કરવાથી મળતો સિંગલ નંબર તમારા ભાગ્યાંન્ક અને મૂલાંક સાથે મિત્ર હોવો જોઈએ.

* તમારા જન્મતારીખ ના અંકો નો મોબાઈલ નંબર માં સમાવેશ હોય તો અતિ ઉત્તમ.

* જો મોબાઈલ નંબરનો સરવાળો 3 કે 5 આવે તો તે મોબાઇલ નંબર ખૂબ નસીબદાર હોય છે.

* 4,8 અને 7 નંબરનો સરવાળો મોબાઈલ નંબર માટે અનુકૂળ નથી.

* એક અંક 4 થી વધુ વાર રિપીટ થાય તો તે અંક ના કંપન નકારાત્મક થાય છે.

* મોબાઈલ નંબર તમારા વ્યાપાર અથવા કામ સંબંધિત લેવો.

ધંધો કરનાર : 1 ,6 ,8,5 નંબર નો મોબાઈલ લઈ શકે

નોકરી માટે : 1,6,8 વધુ લાભદાયક

જ્યોતિષ માટે : 3 અને 5 નંબર વધુ લાભદાયક

વ્યવસાય માટે : 3,2,5 ,8 નંબર વધુ લાભદાયક

રિસર્ચવર્ક માટે : 7 ટોટલ નો નંબર લાભ આપે.

પોલીસ સંરક્ષણ અને સમાજ સેવા : 9 નંબર ફાયદો આપે.

મોબાઈલ નંબર નું ટોટલ કરવાની રીત :

દાત : એક મોબાઈલ નંબર

9123456780

તેનો સિંગલ નંબર

9+1+2+3+4+5+6+7+8+0=45

=4+5

=9

આ મોબાઈલ નંબર હેલ્પલાઈન અને સેવા માટે વધુ લાભદાયક.

****

Chap.13 some important points

મિત્રો : ભાગ 1 થી 12 વાંચીને આપ Numerology વિશે સારી એવી માહિતી મેળવી શક્યા હશો. અત્રે વર્ણીત ભાગ 13 માં હું કેટલીક પાયાની બાબતો જણાવું છું જે numerology જાણવા માટે ખુબ અગત્યની છે.
અગાઉ ભાગ 1 માં આ ભાગ નો એક અંશ સમજુતી માટે મુકેલ છે. જેની નોંધ લેશો.

નોંધ : 【(1) આ લેખશૃંખલામાં મેં જે પદ્ધતિ વર્ણવી છે તે કાલડીયન ન્યુમરોલોજી (Chaldean numerology) અને લોશું ગ્રીડ પદ્ધતિ (loshu grid method)છે.
આ સિવાય બીજી પણ ઘણી પદ્ધતિઓ છે જેમાં
* વેદિક પદ્ધતિ (indian vedic system)
* કબાલા પદ્ધતિ(kabalahh system)
* પાઈથાગોરસ પદ્ધતિ (Pythagoras system)
* આધુનિક અંકવિજ્ઞાન પદ્ધતિ (Morden numero science system.
* ચાઈનીઝ પદ્ધતિ(chinese numerology)
* અરેબિક પદ્ધતિ (Arebic system).
* કિરો પદ્ધતિ (chiro method) નો સમાવેશ થાય છે.
(2) પ્રાચીન ભારત ના વેદ ને અંકો નું મૂળ માનવા માં આવે છે.
(3) ગ્રીક ગણિતજ્ઞ પાઈથાગોરસ અંકશાસ્ત્ર ના પિતા મનાય છે.
(4) અંક જ્યોતિષ માં મહત્વનો ગ્રહ સૂર્ય છે. સૂર્ય રાશિ ની ગણના કરાય છે જ્યારે કુંડળી આધારિત જ્યોતિષમાં ચંદ્રનું મહત્વ વધુ છે. ચન્દ્રરાશિ અને ભ્રમણકક્ષાનો આધાર લેવાય છે. 】

Chaldean numerology વિશે કેટલીક પાયારૂપ બાબતો.
(1) આ પદ્ધતિ માં અંક 9 ને એક પણ અંગ્રેજી મૂળાક્ષર આપ્યો નથી કારણ કે 9 અંક ની વિશેષતા છે કે 9 અંક નો સરવાળો અથવા બાદબાકી કરવામાં આવે તો જવાબ 9 અથવા 0 આવે છે.
દાત : 18-9=9
9+9=18
1+8=9
આમ સરવાળો કરતા પણ 9 ની અવગણના કરવા માં આવે તો સિંગલ ટોટલ માં કોઈ ફરક પડતો નથી.
દાત : વર્ષ 1993
1+9+9+3=22
2+2=4

અને જો 9 ની અવગણના કરવામાં આવે તો પણ

1+3=4

આ પદ્ધતિ 9 અંક ને પવિત્ર તેમ જ શુભ ગણે છે.

(2) અંક 1,2,3,5 સકારાત્મક અંકો ગણાય છે

અંક 4, 7,8 નકારાત્મક અંકો ગણાય છે

અંક 6 ને સમાંતર અંક(universal friend number) ગણાય છે.

અંક. 9 પવિત્ર અંક(holy number) છે.

(3) 1,4,3,5,7,8,9 : પુરુષ જાતિના અંકો છે.(mescaline numbers)

અંક 6 અને 2 નારી નારી જાતિ ના અંકો છે.

(Feminine number)

(4) *મૂલાંક (physic number)

****

આ અંક પરથી વ્યક્તિનો દેખાવ ,તેનું સ્વાસ્થય, તેનું વ્યક્તિત્વ, સ્વભાવ, વાણી, વર્તન, શોખ ,ટેવ , તેના મિત્રો અને તેના સમય વિશે જાણી શકાય છે.

* ભાગ્ય અંક(Destiny number)

****

આ અંક પરથી વ્યક્તિનું ભાગ્ય, કુટુંબ , કામધંધો, વ્યવસાય ભણતર, આવક ,જીવનસાથી ,સંતાન ,સુખ દુઃખ, આધ્યાત્મિક પ્રગતિ વગેરે વિશે જાણી શકાય છે.

* નામાંક (Name number)

****

આ અંક પરથી વ્યક્તિ નું વ્યક્તિત્વ, સ્વભાવ,સમાજ માં તેનું સ્થાન , કારકિર્દી, પ્રતિષ્ઠા,આબરૂ ,મિલકત ,પ્રગતિ ના અવસરો વગરે જાણી શકાય છે.

* જન્મવર્ષ અંક(Birth year number)

************************-

જન્મ ના વરસ નો સરવાળો વરસ અંક કહેવાય છે.

દાત: 1993

1+9+9+9=22

=2+2

=4 વર્ષ અંક કહેવાય છે. જેના પરથી વ્યક્તિના જીવન ના મહત્વના વર્ષો જાણી શકાય છે.

વરસ માં વરસ ના અંક નું સિંગલ ટોટલ ઉમેરવામાં આવે તો જીવનના મહત્વના વર્ષો પ્રાપ્ત થાય છે.

જેમ કે નામ :યશ શાહ ,જન્મ તારીખ :26/8/1993

1993+4=1997

1997+8=2005

2005+7=2012

2012+5=2017

2017+1=2018

2018+2=2020

2020+4=2024

2024+8=2032

આમ યશ શાહ માટે 1997,2005,2012,2017,2018,2020,2024,2032 મહત્વના વર્ષો છે.

****

Chap.14 Name Correction Tips.

નામ દરેક વ્યક્તિની આગવી ઓળખ હોય છે. એવું કહેવાય છે કે " પોતાનું નામ મધ કરતા મીઠું લાગે છે." અહીંયા નામ માં અક્ષરો ના ફેરફાર અંગે માર્ગદર્શન આપું છું.

નીચે ના કોષ્ટક ધ્યાનમાં રાખવા.

અંકો ના મિત્ર અને શત્રુ અંક

અંક	મિત્ર	શત્રુ
1	1,2,3,4,5,7,9	6,8
2	1,2,3,4,7,8,9	5,6
3	1,2,3,5,6,8,9	4,7
4	1,2,5,7,9	3,4,6,8
5	1,3,4,5,6,7,8,9	2
6	3,5,8,9	1,2,6,4,7
7	1,2,4,5	3,6,7,8,9
8	2,3,5,6	1,4,7,8,9
9	1,2,3,4,5,6	7,8,9

અંગ્રેજી મૂળાક્ષરો ના અંકો

1 :A ,I,J,Q,Y

2: B,K,R

3: C,G,L,S

4: D,M,T

5: E,H,N,X

6: U,V,W

7:O,Z

8: F,P

9 : -

ઉદાહરણ તરીકે વ્યક્તિનું
નામ :યશ શાહ
જન્મ તારીખ : 26/08/1993
મૂલાંક :2+6=8(શનિ)
ભાગ્યઅંક 2+6+0+8+1+9+9+3
=38
=3+8
=11
=1+1
=2

દાત : નમાંક (ઉદાહરણ)
YASH SHAH
1+1+3+5+3+5+1+5
=24
2+4
=6(શુક્ર)

આમ ઉપર ની માહિતી થી ખ્યાલ આવે છે કે નામાંક 6 મૂલાંક 8 નો મિત્ર છે પણ ભાગ્ય અંક 2 નો **શત્રુ** છે.
હવે જો નામ માં નીચે મુજબ નો ફેરફાર કરવામાં આવે તો..
YASHH SHAH
1+1+3+5+5+3+5+1+5
=29
=2+9
=11
=1+1
=2(ચન્દ્ર)
નવો નમાંક 2 ભાગ્ય અંક 2 અને મૂલાંક 8 નો **મિત્ર** છે.
આ રીતે નામાંક સંતુલિત થાય છે.
નવા સ્પેલિંગ ને રોજ 30 વખત લીલા રંગ ની પેન થી 180 દિવસ સુધી લખવા માં આવે તો એ આપણી દિનચર્યા નો ભાગ બની જાય છે.

****

Chap.15 lucky numbers of Home and Car.

ઘર નો લકી નંબર

****

તમારા ઘર ના મુખ્ય વ્યક્તિ કે જેના નામ પર ઘર લીધેલ છે તે વ્યક્તિ ના ભાગ્ય અંક ,મૂલાંક અને નમાંક સાથે ઘર નો નંબર **મિત્રતા** ધરાવે તો તે ઘર નંબર લકી ગણાય છે.

આ ગણનામાં કોમન બ્લોક નંબર ગણવા માં આવતો નથી.

દાત : ઘર નંબર A 207 છે.

A બ્લોક બીજા રહેવાસીઓ નો પણ છે એટલે ઘર નો નંબર 207 ગણાય

2+0+7=9

હવે આ ઘર એવા વ્યક્તિએ લેવું જોઈએ જેનો મૂલાંક, ભાગ્ય અંક અને નામાંક 7,8 કે 9 ના હોય. કેમ કે અંક 7,8 અને 9 ઘર ના નંબર 9 સાથે શત્રુતા ધરાવે છે. (મિત્ર,શત્રુ કોષ્ટક ભાગ 14 જોવો).

નોંધ :* અંક 4 અને 8 વાળું ઘર અથવા લેવાનું ટાળવું.

*અંક 2,5,8 ધરાવતા વ્યક્તિ પાસે એક કરતાં વધુ પ્રોપર્ટી હોઈ શકે છે. તેમને પહેલા પ્રોપર્ટી ખરીદવી પછી પોતાના પ્રોપર્ટી વહેંચવી.

*અંક 8 અને 5 ધરાવતા લોકોએ જમીન સાથે જોડાયેલ મકાન લેવું

*અંક 5 અને 2 ધરાવતા લોકો એ ઉપરના ફ્લોર નું મકાન લેવું.

* જન્મતારીખ કે નામ માં અંક 8 ન હોય તો નવી પ્રોપર્ટીમાં રોકાણ કરવાનું ટાળવું.

*ભાડે મકાન રાખવા માં આવે તો કરાર કરનાર અને ઘરમાં રહેનાર ની જન્મતારીખ અને નામ ચકાસવું.

ગાડી નો લકી નંબર

****

ગાડી ના નંબર માં પણ અંગ્રેજી મૂળાક્ષરો અને રાજ્ય નો કોડ
નંબર ટાળવો

દાત : ગાડી નંબર : Gj1FP5629

5+6+2+9

=22

2+2=4

4 અંક ના મિત્ર અંક વાળા વ્યક્તિએ મૂલાંક,ભાગ્યાંક અને નામાંક ચકાસી ગાડી લેવી.

****

Chap.16 Master numbers

Numerology માં અંક 11, 22 ને વિશેષ અંક ગણવા માં આવે છે.. આ અંક ની વિશેષતાઓ સામાન્ય અંકો કરતા અલગ છે.

Master date of birth ના ઉદાહરણ.

(1)26/08/1993

2+6+0+8+1+9+9+3=38

=3+8

=11

તો આ જન્મ તારીખ ના બે ભાગ્ય અંક છે એક 11 અને બીજો 1+1=2.

(2) 26/08/ 2004

2+6+8+2+4=22

=2+2

=4

બે ભાગ્ય અંક 22 અને 4

11 ભાગ્ય અંક ની વિશેષતા

* આધ્યાત્મિક,જ્ઞાની, ગૂઢ વિજ્ઞાન જાણનાર, સ્વપ્ન જોનાર અને મહેનત કરનાર, આદરણીય ,સમજદાર, બુદ્ધિજીવી, પરિવાર નું ધ્યાન રાખનાર ,અસામાન્ય જીવન જીવનાર, લાગણીશીલ , સેક્સી , લોકપ્રિય અને મિત્રો પાસેથી સહાય મેળવનારા, સત્તા અને ન્યાય માટે સંઘર્ષ કરનાર પ્રામાણિક વ્યક્તિ.

22 ભાગ્ય અંક ની વિશેષતા

* વિવેકી, ભૌતિક સુખ અને જાહોજલાલી ભોગવનાર, સપના જોઈ તેને વાસ્તવિક રૂપ આપનાર, મહત્વકાંક્ષી, શિસ્તપ્રિય , સંપતિવાન , લોકપ્રિય ,સંતોષી જીવન જીવનાર.

અસાધારણ વિચારો અને બુદ્ધિ ધરાવનાર. King makers.

****

Chap 17 How to find Missing Numbers.

એક ઉદાહરણ દ્વારા ખૂટતાં અંક શોધવાની રીત શીખીએ.

ઉદાહરણ તરીકે વ્યક્તિનું
નામ :યશ શાહ
જન્મ તારીખ : 26/08/1993
મૂલાંક :2+6=8(શનિ)
ભાગ્યઅંક 2+6+0+8+1+9+9+3
=38
=3+8
=11
=1+1
=2

દાત : નમાંક (ઉદાહરણ)
YASH SHAH
1+1+3+5+3+5+1+5
=24
2+4
=6(શુક્ર

જન્મતારીખ, મૂલાંક, ભાગ્ય અંક અને નામાંક માંથી મળેલ અંકો
2,6,8,1,9,3,5.
ખૂટતાં અંક
4 અને 7 - યશ શાહ ની જન્મતારીખમાં બે અંક 4 અને 7 એટલે કે રાહુ અને કેતુ ગ્રહ ના કંપન ખૂટે છે.
માટે આ વ્યક્તિ ને આ ગ્રહોના કારકને લગતી સમસ્યાઓ નડી શકે. (see chap. 4)
આ અંકો ને લગતા ઉપાયો કરવા માં આવે તો સમસ્યાઓ દૂર થઈ શકે.
આમ પ્રત્યેક વ્યક્તિ પોતાના જીવન માં ખૂટતાં અંકો ના ઉપાય કરી પ્રગતિ કરી શકે.

Chap.18 Kua number and loshu Grid

કુવા નંબર કે બ્રહ્માન્ડિય ઉર્જા અંક એ લોશું ગ્રીડ પદ્ધતિ નો
Concept છે.
બે પ્રકાર ના કુવા નંબર જોવા મળે છે.
(1)પુરુષ કુવા અંક
ઉદાહરણ
નામ : યશ શાહ
જન્મ તારીખ 26/8/1993
જન્મ વર્ષ અંક 1+9+9+3=22
2+2=4
કુવા નમ્બર શોધવા જન્મવર્ષ અંક ને 11 માંથી બાદ કરવો.
(પુરુષો માટે)
11-4=7
યશ શાહ નો કુવા અંક 7 થયો.
(2)સ્ત્રી કુવા અંક
ઉદાહરણ
નામ : આશકા પટેલ
જન્મ તારીખ : 18/08/1994
જન્મવર્ષ અંક 1+9+9+4=23
2+3=5
કુવા અંક શોધવા જન્મવર્ષ અંક માં 4 ઉમેરવા
(સ્ત્રીઓ માટે)
5+4=9
આશકા પટેલ નો કુવા અંક 9
કુવા અંક દાન
****
કુવા અંક 1 : ગરીબો ને ભણવામાં મદદ કરવી.
કુવા અંક 2 : અનાથ કન્યાઓ ના વિવાહમાં મદદ કરવી.
કુવા અંક 3 : ગરીબો ને ભોજન કરાવવું

કુવા અંક 4 : પુસ્તકો નું દાન કરવું.
કુવા અંક 5 : વૃક્ષો ઉછેરવા
કુવા અંક 6: અનાથ કન્યાઓ ના વિવાહ માં મદદ કરવી
કુવા અંક 7 : બાળકો ને મીઠાઈ દાન કરવી.
કુવા અંક 8 : ગરીબો ને ભોજન કરાવવું, વૃધ્ધ સહાય કરવી.
કુવા અંક 9 : રક્તદાન કરવું અને દવા નું દાન કરવું.

કુવા અંક નો ભાગ ફેંગશુઈ નામના શાસ્ત્રનો ભાગ છે. જે હવા અને પાણી સાથે સબંધ ધરાવે છે. યિંગ અને યાંગ બે પ્રકારની ઊર્જા છે.

ફેંગશુઈ માં અંકો ની દિશાઓ , તત્વ અને રંગ ની સમજ આપવામાં આવી છે.

****

સૂર્ય 1 અંક ઉત્તર દિશા ,જળ તત્વ ,બ્રાઉન, હળવો લાલ રંગ
ચંદ્ર 2 અંક દક્ષિણ પશ્ચિમ દિશા, પૃથ્વી તત્વ, ગુલાબી રંગ
ગુરુ 3 અંક પૂર્વ દિશા ,કાષ્ટ તત્વ ,પીળો રંગ

રાહુ 4 અંક દક્ષિણપૂર્વ દિશા,કાષ્ટ તત્વ,ગ્રે રંગ
બુધ 5 અંક મધ્ય સ્થાન ,પૃથ્વી તત્વ,લીલો રંગ
શુક્ર 6 અંક ઉત્તર પશ્ચિમ દિશા, ધાતુ તત્વ,સફેદ રંગ
કેતુ 7 અંક પશ્ચિમ દિશા, ધાતુ તત્વ, નારંગી,ચીકણી રંગ

શનિ 8 અંક ઉત્તર પૂર્વ દિશા, પૃથ્વી તત્વ, ઘેરો વાદળી રંગ
મંગળ 9 અંક દક્ષિણ દિશા., અગ્નિ તત્વ ,લાલ રંગ

લોશું ગ્રીડ (15 અંક યંત્ર)

4	**9**	**2**
3	**5**	**7**
8	**1**	**6**

અંકશાસ્ત્ર માં ફળકથન માટે આ અંક કુંડળીનો ઉપયોગ કરવામાં આવે છે. આ યંત્ર નું 8 રીતે ટોટલ કરવા માં આવે તો 15 થાય છે. આ યંત્ર ને 3*3 ચોરસ ગ્રીડ માં લાલ અથવા લીલા રંગ ની શ્યાહી થી બનાવી ને લેમીનેશન કરાવી સાથે રાખવા માં આવે તો ધન વૃદ્ધિ થાય છે. આ એક રીતે સંપત્તિ યંત્ર છે.

અંક અને ફળકથન માટેજોવા માં આવતી બાબત

4 :સંપતિ ,બુદ્ધિ

9 : પ્રતિષ્ઠા,ઊર્જા

2 : પ્રેમ સબંધો,લાગણી,જીવનસાથી

3 : પરિવાર, વડીલ ,સ્વાસ્થ્ય, પિતૃ

5 : સારું ભવિષ્ય અને નસીબ, સ્વાસ્થ્ય

6 : જાહોજલાલી ,મિત્રો તરફ થી સહાય,વિદેશગમન,વિવાહ

7 : અધ્યાત્મ, કલાત્મકતા, પુત્ર સંતાન

8 : જ્ઞાન ,ઉચ્ચ અભ્યાસ, સંઘર્ષ, નામના, આબરૂ

1 : કારકિર્દી, સ્વતંત્રતા,લોકપ્રિયતા ,નેતૃત્વક્ષમતા

ઉદાહરણ ની અંક કુંડળી

નામ : યશ શાહ

તારીખ : 26/08/1993

મૂલાંક: 8 , ભાગ્ય અંક: 2 , કુવા અંક : 7(11-4)

	99	**2**
3		**7**
8	**1**	**6**

*ખૂટતાં અંક 4 અને 5

* એક અંક નું ચાર થી વધુ વાર પુનરાવર્તન થાય તો અંક ના કંપન નકારાત્મક થાય છે.

* જન્મતારીખ ના તમામ અંકો ને લોશું ગ્રીડ માં મુકવા અને ફળકથન કરવું.

*પુસ્તક ના Chap :6 માં અંકયોગો નુ વિસ્તારથી વર્ણન છે.

અંક અને ગ્રહ વિશે વધુ જાણીએ.

9 અંક , 9 ગ્રહ અને 9 પ્રકારના વ્યક્તિત્વ.

1 સૂર્ય. રાજા, નેતા, Business man

2 ચંદ્ર, રાણી, અનુયાયી , employee, Relationship manager, diplomats

3 ગુરુ , શિક્ષક, જ્ઞાની , Mentor , teacher

4 રાહુ, અંગરક્ષક ,Bouncer, executive, assistant, political leader

5 બુધ રાજકુમાર Manager, Accountant, teacher

6 શુક્ર કલાગુરુ , આચાર્ય ,Artist, luxury lover, Human resources Manager

7 કેતુ પંડિત, આધ્યાત્મિક નેતા, scholer ,Researcher

8 શનિ ન્યાયાધીશ, પરજસેવક , Leadership development consultant , problem solver, labor , housekeeping staff.

9 મંગળ સેનાપતિ,પહેલવાન, સૈનિક, ખેલાડી, social leader, CSR executive.

****

Chap.19 Planets and Numbers (Full Details).

સૂર્ય (1 અંક)
****

સૂર્ય ના પ્રભાવ હેઠળ તારીખ 1,10,19,28 ના રોજ જન્મેલા વ્યક્તિઓ આવે છે.ઉત્સાહી, આત્મવિશ્વાસથી ભરપૂર વ્યક્તિઓ હોય છે. કોઈ પણ કામ શરૂ કરવાની, નેતૃત્વ કરવાની અને આપમેળે શીખવાની ખૂબ ધગશ ધરાવે છે, ઉદાર સ્વભાવ, સારું સ્વાસ્થ્ય ભોગે છે. જીવન માં ઉચ્ચ પદે પહોંચે છે. પિત પ્રકૃતિ, સ્વભાવે ક્રોધી ,કર્મ અને દાન ની બાબતે ગંભીર. ચાર વાર થી વધુ જો અંક 1 નું પુનરાવર્તન થાય તો વ્યક્તિ લોકપ્રિયતા મેળવે છે. કુશળ વક્તા થાય છે. દામ્પત્યજીવન માં થોડી તકલીફો નડે છે.
આ જાતકો એ કમર, મણકા ,કરોડ અને આંખ ની વિશેષ સંભાળ લેવી.
આજીવન પરહિત નું ધ્યાન રાખી લોકો ને સાથે રાખી ને ચાલવું અને પોતાના લક્ષ્યો પુરા કરવા.
ઈર્ષ્યા અને ઘમંડ થી બચવું.
સૂર્ય નમસ્કાર કરવાથી અને વહેલી સવારે જાગવાથી આ જાતકો ને વિશેષ લાભ થાય છે. સરકારી નોકરી અને સમાજ માં ઉચ્ચ પદ પર પહોંચેલા અધિકારીઓની જન્મતારીખમાં સૂર્ય નો વિશેષ પ્રભાવ હોય છે. આ જાતકો
નોકરી માં કે કોઈ ની નીચે કામ કરવામાં નાનમ અનુભવે છે.

ચંદ્ર અંક 2

****

(તારીખ 2,20,11,29 તારીખે જન્મેલ વ્યક્તિઓ પર વિશેષ પ્રભાવ , ભાગ્ય અંક અને મૂલાંક 2 હોય તો પણ ચન્દ્ર નો પ્રભાવ જોવા મળે છે.)

આ ગ્રહ ના પ્રભાવ હેઠળ ની વ્યક્તિઓ લાગણીશીલ, શાંતિપ્રિય ,ભાવનાત્મક રીતે ઉદાર, સંબંધો જાળવવામાં કુશળ અને બીજા ને મદદ કરવાવાળા હોય છે. તેમના માં અન્ય ની કાળજી રાખવા અને બીજાની પીડા સમજવા ની ક્ષમતા હોય છે. આવા વ્યક્તિઓ ખૂબ સારા કર્મચારીઓ હોય છે. વાદ વિવાદ અને સમસ્યાઓ નું સમાધાન ખૂબ સારી રીતે મેળવી શકે છે. આ જાતકો ખાવા પીવા ના શોખીન અને ખૂબ સારા પ્રેમીઓ હોય છે.
આ વ્યક્તિઓ ને કફ, શરદી ,ફેફસાં ને લગતા રોગ ,અને છાતી ની પીડા થી બચવું જોઈએ. માનસિક તાણ

,ગાંડપણ અને ભાવનાત્મક પીડા ના શિકાર પણ આ વ્યક્તિ ઓ બની શકે છે.
આ જાતકો મીડિયા, કોમ્યુનિકેશન અને સામાજિક જવાબદારી ના કાર્યો માં સારું કામ કરી શકે છે. પૈસા અને ભાગ્ય ની બાબત માં ઉતારચડાવ ચાલ્યા કરે છે. માતા પિતા સાથે ખૂબ સારા સબંધો હોય છે. ઉત્તમ જીવનસાથી પ્રાપ્ત કરે છે. પાણી, ખાણીપીણી અને અનાજ સબંધિત ધંધા પણ કરી શકે છે. આ વ્યક્તિઓ અંકશાસ્ત્ર, જ્યોતિષ અને અંતઃસ્ફુરણ સબંધિત વિષયો માં પણ કાર્ય કરતા જોવા મળે છે.
આ જાતકો એ હમેશા બીજાને મદદરૂપ થવું જોઈએ અને પોતે શાંત રહેવા સમર્પિત સ્વભાવ રાખવો જોઈએ. અશાંતિ જેવો આ વ્યક્તિઓ માટે કોઈ શત્રુ નથી.
આ જાતકો માટે બાલાસન, વજ્રાસન અતિ ઉત્તમ છે અને દિવસ તેમ જ રાત્રી નો સમય વિશેષ હોય છે. આ જાતકો ને જીવનમા એક સહાયતા ની જરૂર હમેશા રહે છે.

ગ્રહ ગુરુ અંક 3

****

(તારીખ 3,12,21,30 ના દિવસે જન્મેલ વ્યક્તિઓ તથા ભાગ્ય અંક તથા મૂલાંક 3 ધરાવતા વ્યક્તિઓ ગુરુ ગ્રહ ના પ્રભાવ હેઠળ આવે છે.)
ગુરુ ગ્રહ ના પ્રભાવ હેઠળની વ્યક્તિઓ માં જ્ઞાન હોય છે.
એ વ્યક્તિઓ ઉત્તમ જ્ઞાન વહેંચનાર હોય છે. સમ્માન આપવા માં અને સમ્માન મેળવવામાં ચતુર હોય છે. આ વ્યક્તિઓની પ્રતિભા અને આવડત આ લોકો ના મિત્ર વર્તુળમાં વધારો કરતી રહે છે. પ્રામાણિક ,મહેનત કરવા માં સદાય તત્પર લોકો હોય છે. પ્રેરણાદાયી વ્યક્તિત્વ હોય છે.
પ્રારંભિક જીવનમાં સંઘર્ષ અને તાપ વેઠવો પડે છે. અને જીવન ના પછી ના સમયમાં અદભુત છાયા આપનાર વૃક્ષ ની જેમ નિખરે છે. ખાનપાન અને મનોરંજનના શોખીન. પરાક્રમી તથા પરોપકારી હોય છે. ઉત્તમ વક્તા અને ધૈર્યવાન વ્યક્તિત્વના સ્વામી હોય છે. ક્રોધ ,તાપ અને શિક્ષા આપવામાં ચતુર હોય છે. આ વ્યક્તિઓ એ સદાય નમ્ર રહેવું જોઈએ અને બને એટલું લોકસંપર્ક માં રહેવું જોઈએ
આ વ્યક્તિઓ ને પેટ ,છાતી અને લીવર ,કિડની તેમ જ ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની તકલીફોથી સાવધાન રહેવું જોઈએ.
ગુરૂપ્રધાન વ્યક્તિઓ ને જાડાપણા ની સમસ્યાથી પણ સાવધાન રહેવું જોઈએ.
શિક્ષણ, માહિતીખાતું, યુટ્યુબ અને સોસીયલ મીડિયા, કલબ અથવા સમાજસેવા સંસ્થા ના પ્રતિનિધિ.

બેન્કિંગ, ઇન્સ્યોરન્સ જેવા ક્ષેત્રમાં ,બીજા પાસે કાર્ય કરાવવામાં આવતું હોય, ધંધાકીય અને ધાર્મિક ક્ષેત્રે ખૂબ ધન અને માન કમાય છે.

ગ્રહ રાહુ અંક 4

****

(તારીખ 4,13,22,31 ના રોજ જન્મેલા વ્યક્તિઓ અને જેનો ભાગ્ય અંક અને મૂલાંક 4 હોય તેવા લોકો 4 અંક થી પ્રભાવિત હોય છે.)
રાહુ એ છાયા ગ્રહ છે. પોતાનું કોઈ અસ્તિત્વ નથી. રાહુ ની અસરવાળા વ્યક્તિઓ ના જીવન માં મહેનત ,સંઘર્ષ અને અનુભવ થી બરકત આવે છે. એ લોકો બુધ્ધિમાન, પ્રતિભાસંપન્ન અને સંપતિવાન હોય છે. તેમને પૈસાની ખોટ વર્તાતી નથી. એ વ્યક્તિઓ વાતચીતમાં કુશળ અને મહેનતુ હોય છે. નિષ્ઠાપૂર્વક એક જ કાર્ય ને પૂરું કરવું તેમની ધૂન હોય છે. એ વ્યવસ્થા અને વ્યહવાર બન્ને બાજુ પાવરધા હોય છે. આ વ્યક્તિ પ્રેમ સબંધો માં ખૂબ જ સમર્પિત રહે છે. અને પોતાના વ્યક્તિઓ ને સદૈવ મદદ કરે છે. વિચારવુ ,આયોજન કરવું અને જ્ઞાન મેળવવું આ લોકો ની સ્વાભાવિક વૃત્તિ છે. શિસ્તપાલન ના કડક અગ્રહી, સમય ને માન આપનાર અને પડકારો ને સ્વીકારી વિજય મેળવનાર હોય છે. આ વ્યક્તિઓ સેલ્સ, ટ્રાવેલિંગ અને મેનેજમેન્ટ લેવલે વધુ જોવા મળે છે. જ્યોતિષ, તંત્ર ,મંત્ર અને સ્વાર્થ આધારીત સેવાકાર્ય, સટ્ટાબજાર, કાલબજાર ,ચોરી, ટેક્સ વિભાગ, પોલીસખાતું વગેરે ક્ષેત્રમાં આ વ્યક્તિઓ ખૂબ જોવા મળશે.અભિનય તેમ જ મનોરંજનના ક્ષેત્રે પણ આ લોકો મહત્વની ભૂમિકા ભજવે છે.

આ જાતકો એ મસ્તક , પેટ અને પિત સંબંધી બીમારીઓ માં સાવધાન રહેવું જોઈએ. એસીડીટી ,અનિયમિત ખાન પાન અને વ્યસન થી બચવું જોઈએ.
આ જાતકો એ પોતાના સંપર્કો અને નેટવર્ક નો સાવધાનીથી અને સચ્ચાઈથી ઉપયોગ કરવો જોઈએ.
ટેકનોલોજી આધારિત વસ્તુઓ અને ક્ષેત્રમાં આ જાતકો ખૂબ સારું કામ કરી શકે છે.

સંપત્તિ, પ્રતિભા અને સંઘર્ષ આ લોકો ના જીવનમાં ખૂબ મહત્વ ધરાવે છે.

ગ્રહ બુધ અંક 5

****

(તારીખ 5, 14, 23 એ જન્મેલ અને ભાગ્યઅંક તેમ જ મૂલાંક 5 વાળા વ્યક્તિઓ બુધ ગ્રહ થી પ્રભાવિત હોય છે.)
બુધ ગ્રહ રાજકુમાર જેવા ગુણ ધરાવે છે. સૂર્ય ની સૌથી નજીક નો ગ્રહ છે. નરી આંખે દેખાતો નથી.
આ ગ્રહ હેઠળ ના વ્યક્તિઓ સ્વભાવે ચંચળ , રમુજી ,વાતોડિયા હોય છે. આ વ્યક્તિઓ સ્વતંત્ર મિજાજ ના અને ગણતરીબાજ હોય છે. હિસાબ કિતાબ અને નાણાંકીય વ્યવસ્થાપન આ વ્યક્તિઓ ખૂબ સરસ રીતે કરી શકે છે. આ વ્યક્તિઓ શાણા અને ઘણા બધા વિષયો ની જાણકારી ધરાવતા હોય છે. સંવાદકલામાં કુશળ અને હોંશિયાર હોય છે. બુધપ્રધાન જાતકો ના મિત્રો ઘણા હોય છે . એ સ્વભાવે ઘણા ખુશમિજાજ અને સેક્સી હોય છે.
તેમના વ્યક્તિતવ માં એક લકી ચાર્મ હોય છે.
અભિનેતા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ , વકીલ ,હિસાબનિશ ,ઉદ્યોગકાર વેપારી ,કુશળ લેખક , નાણાકીય વ્યસ્થાપક વગેરે ક્ષેત્રો માં આ વ્યક્તિઓ સારું કામ કરે છે.
બુધ પ્રધાન વ્યક્તિઓ એ પેટ, વાળ, બુદ્ધિ અને હ્રદય નું વિશેષ ધ્યાન રાખવું
બુધ પ્રધાન વ્યક્તિઓ એ વાતચીતમાં ખરાબ શબ્દો અને સ્વાર્થી સ્વભાવ ટાળવો. આ વ્યક્તિ એ બીજા નો પક્ષ પણ જાણવો સમજવો જોઈએ.

અંક 6 ગ્રહ શુક્ર

****

(તારીખ 6,15,24 પર જન્મેલા વ્યક્તિઓ અને જેનો ભાગ્ય અંક અને મૂલાંક 6 હોય.એવા વ્યક્તિઓ શુકરપ્રધાન હોય છે.)

અંક 6 થી પ્રભાવિત લોકો સૌંદર્ય પ્રેમી હોય છે. કલાત્મક અને રચનાત્મક સ્વભાવ ધરાવે છે. દેખાવમાં પણ આ લોકો સુંદર હોય છે. ગુણવત્તાયુક્ત વસ્તુ અને મિલકત ના શોખીન હોય છે. ધનવાન અને ઐશ્વર્યસંપન્ન બને છે. કલાકાર, અભિનેતા,કવિ,લેખક, નાટ્યકાર, અર્થનીતિ ના જાણકાર હોય છે. દાની ,,કુટુંબ ની ચિંતા કરનાર ,રસોઈકળામાં કુશળ ,ખાનપાન ના શોખીન અને વિજાતીય આકર્ષણ વધુ પ્રમાણમાં ધરાવે છે. શુક્ર

કલાત્મક સ્વભાવ ધરાવે છે. સ્વભાવે રંગીન અને સેક્સી જાતક હોય છે. સ્ત્રી જાતકો નો વર્ણ ગૌર અથવા આકર્ષક હોય છે. ઘરેણાં અને ફેશન આ જાતકો ને ખૂબ પ્રિય હોય છે. દરિદ્રતા આ જાતકો સહી શકતા નથી. આ વ્યક્તિઓ ને પેટ, અને ગુપ્તાંગ સબંધિત સાવધાની રાખવી જોઈએ. ખાનપાનની ટેવ પણ સુધારવી જોઈએ

આ વ્યક્તિઓ એ દાન કરવું જોઈએ પણ પોતાના માટે પર્યાપ્ત સાચવીને . આ વ્યક્તિઓ ની વાણી મધુર હોય છે.

એક કરતાં વધુ પ્રેમ સબંધો હોઈ શકે છે.

ગ્રહ કેતુ અંક 7

****

(તારીખ 7,16,25 એ જન્મેલ અને ભાગ્ય અંક 7 ધરાવતા જાતકો).

કેતુપ્રધાન જાતકો આધ્યાત્મિક સ્વભાવ, શાંતિપ્રિય અને પ્રેમાળ હોય છે. આ જાતકો ખૂબ રચનાત્મક અને રમુજી હોય છે. બીજા ની કાળજી રાખનાર અને નિરાધાર નો આધાર હોય છે. દયાળુ ,પરોપકારી અને જ્ઞાની હોય છે.

કોઈ પણ વિષય નો ઊંડો અભ્યાસ કરી શકે છે.

આ જાતકો અસંતોષી હોય છે અને જીવનમાં ઘણી ઉપલબ્ધીઓ પ્રાપ્ત કરે છે. આ જાતકો ભૌતિક જીવનમાં આધ્યાત્મિક અને આધ્યાત્મિક જીવનમાં ભૌતિક હોય છે.

આ જાતકો એ મસ્તક ની તકલીફો ,પેટ ની તકલીફો પ્રત્યે સાવધાન રહેવું જોઈએ . આ જાતકો ઉચ્ચ અભ્યાસ કરી

ઊંચી પદવી પ્રાપ્ત કરે છે. દામ્પત્યજીવન માં નાના મોટા ઉતારચડાવ અથવા વિલંબ થઇ શકે છે. આ જાતકો પોતાનો ધંધો કરનાર, શિક્ષક ,આધ્યાત્મિક ગુરુ, જ્યોતિષ ,ગૂઢ વિદ્યાઓ અને રહસ્યોના જાણકાર હોય છે. ઘણીવાર આ જાતકો પોતાના પર વિશ્વાસ કરતા નથી અને કુદરતી સાવધાનીઓ ને અવગણે છે. ઘણીવાર જિદ કરનાર અને ઝગડો કરનાર પણ હોય છે. પૈસે ટકે અને સબંધો ની બાબત માં સુખી હોય છે. પ્રથમ પુત્ર સંતાન પ્રાપ્ત કરે છે.

આ જાતકો લોકપ્રિયતા અને ખ્યાતિ પ્રાપ્ત કરે છે.

ગ્રહ શનિ અંક 8

****

(તારીખ 8,17,26 તારીખે જન્મેલ વ્યક્તિ અને ભાગ્ય અંક 8 ધરાવનાર વ્યક્તિ પર શનિ નો પ્રભાવ હોય છે.) અંક 8 શનિ પ્રધાન જાતકો સમજદાર, શાણા ,બુદ્ધિશાળી અને જ્ઞાની હોય છે. બાળપણ તેમ જ યુવાની માં પણ વૃધ્ધો જેવી પાકટ વૃત્તિ ધરાવે છે. આ જાતકો ના જીવન માં સંઘર્ષ અને મહેનત પછી જ સફળતા આવે છે. આ જાતકો એ સેવક બની ને સેવા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. શનિ થી પ્રભાવિત વ્યક્તિઓ ન્યાયપ્રિય અને પ્રામાણિક હોય છે. પરોપકારી અને દયાળુ હોય છે. આ જાતકો સુપર સેક્સી અને ખૂબ સારા પ્રેમી હોય છે. આ જાતકો સ્વાભાવિક રીતે દરિદ્રતાનો અનુભવ કરતા હોય છે. આ જાતકો ને અતડા અને ગંભીર સમજવા માં આવે છે પણ આ જાતકો ની સાથે કરેલી મિત્રતા સદૈવ ફાયદો કરાવે છે.
આ જાતકો દાતા હોય છે અને નિયમ અનુશાસન કાનૂન અને સત્તા બદલનાર પણ હોય છે. ન્યાય માટે મોટા દુઃખ સહન કરવાની શકિત આ જાતકો માં હોય છે. આ જાતકો એ ઘૂંટણ,સાંધા અને દાંત ની ખૂબ કાળજી રાખવી. આ જાતકો કોઈ પણ પ્રોફેશન ,ધંધામાં તેમ જ નોકરી માં સફળ થાય છે. કર્મ સુધારવાથી જીવન સુધરે એ જ એમની જીવનપદ્ધતિ હોય છે.

ગ્રહ મંગળ અંક 9

****

તારીખ 9,18,27 ના રોજ જન્મેલા જાતકો અને જે વ્યક્તિનો ભાગ્યઅંક 9 હોય તેવા વ્યક્તિ મંગળના પ્રભાવ હેઠળ આવે છે.

આ જાતકો ઉર્જા અને ઉત્સાહથી ભરપૂર ,બળવાન ,ઉદાર અને માનવતાથી પરિપૂર્ણ, શાંત , હળવા સ્વભાવવાળા અને ખેલદિલ હોય છે. દયા ,સેવા, સમર્પણ ,પ્રેમ એ અંક ના જાતકો ના સ્વાભાવિક ગુણો હોય છે.

આ જાતકો દેશપ્રેમી ,રક્ષક ,સૈનિક,ખેલાડી,રાજનેતા, સામાજિક કાર્યકર્તા,શિક્ષણવિદ, આચાર્ય અને પ્રશિક્ષક હોય છે. ક્રોધ ,આવેગ અને શક્તિ થી ભરપુર આ જાતકો સદા યુવાન હોય છે. કરુણા અને કર્મ પ્રધાન વિચારધારા ધરાવે છે. આ વ્યક્તિઓ એ સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવું જોઈએ ,રક્ત, હ્રદય અને માંસપેશીઓ ની તકલીફો થઈ શકે છે. સમાજ અને લોકજગત માં માન સમ્માન પ્રાપ્ત કરે છે. આ જાતકો સહનશીલ પણ હોય છે અને તરવરાટભર્યા પણ હોય છે.

Thanks to all my Readers